हरिः ॐ

सुजने शान.



સંપાદક—રેવાશંકર [illegible] ભટ્ટ.

દોહરો—વિચારકો વિચાર[illegible] વિચારવાનું [illegible];
[illegible]મે તમારૂં જ[illegible] [illegible] મારૂં [illegible].

વડોદરા, [illegible] આવૃત્તિ [illegible]

૮૨, મો[illegible]. પ્ર. ૧૫૦.

दुरत्ययेऽध्वन्यजया निवेशितो
रजस्तमः सत्व विभक्त कर्मदृक् ।
स एष सार्थोऽर्थपरः परिभ्रमन्
भवाटवीं याति न शर्म विंदति ॥ भरत.

"આ દુસ્તર પ્રવૃત્તિ માર્ગમાં માયાએ નાખેલો, રજોગુણ, તમોગુણ અને સત્વગુણથી જુદાં જુદાં વહેંચાયલાં કર્મોને જ પોતાનું કર્તવ્ય સમજનારો આ જીવસમુદાય, જેમ વ્યાપારીઓનો સંઘ ધન ઉપાર્જન કરવાની ઇચ્છાથી ભટકતો ભટકતો વનમાં ચાલ્યો જાય છે તેમ, સુખ સંપાદન કરવાની ઇચ્છાથી સંસારરૂપ વનમાં ચારે તરફ ભટકે છે, પરંતુ ત્યાં આગળ સુખ પામતો નથી."

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव ॥

"હે અર્જુન! જે મારે અર્થે કર્મ કરનારો, હું જ જેને મુખ્ય છું એવો, મારો ભક્ત, સંગનો ત્યાગ કર્યો છે જેણે એવો અને સર્વ ભૂતોમાં વૈરરહિત છે તે મને પામે છે."

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ॥

"જ્ઞાનવાન પણ પોતાની પ્રકૃતિ અનુસાર ચેષ્ટા કરે છે, કેમકે સર્વ પ્રાણીઓ પોતાની પ્રકૃતિને અનુસરે છે, ત્યાં નિગ્રહ શું કરી શકશે?"

અર્પણ-હેતુ.

સુખરૂપ સ્વને ભૂલી મરૂચિકારૂપ સુખને ખોળતાં, વાસ્તવિક માર્ગ ભૂલી વિમાર્ગમાં અથડાતા, ષડ્ રિપુઓએ લુંટાઈ ઘવાયેલા, ત્રિવિધ તાપે તપેલા, આશા નદીના કંપમાં કળેલા સહચારી પ્રવાસી મિત્રોને—

મુ. ભાવન.

વસ્તુતઃ હું પણ આપથી અભેદ, ભેદે તમારા જેવોજ, આ ભવ વનમાં અનંતકાળથી પ્રવાસ કરતો પ્રવાસી છું. પ્રાપ્ત પ્રવાસમાં સાંભળવામાં, જોવામાં, જાણવામાં, સમજવામાં અને અનુભવવામાં આવ્યું તે આ રૂપે અર્પાય છે. તેને વિચારી યથાશક્ય આચરવા કૃપા લેશો તો મિત્રધર્મે કરાયેલું કર્તવ્ય સુફળ થશે એમ મનાયું છે.

માનવ માત્ર સુખને ઈચ્છે છેઃ પણ વાસ્તવિક સુખ શું છે? તેના યથાર્થ સ્વરૂપને અને શાથી—શેમાંથી મળે છે, તેનું યથાર્થ ભાન ન હોવાથી, સૃષ્ટ પદાર્થોમાંજ તે મેળવવા સતત ખટપટો કરે છે. સૃષ્ટિ શું છે? શિષ્ટો કહે છે કે એ એક ન સમજાય તેવો કોયડો છે. એ છે કે નહિ? તેનો ઉત્તર—સૃષ્ટ પદાર્થોમાં અપૂર્ણતા, ક્ષય અને નાશ, આ ત્રણ દોષો સ્વભાવસિદ્ધ છે. જે દૂર કરી શકાય તેવા નથી; છતાં તેને ટાળવા યત્ન કરવામાં ગુંથાયાથી હજી પૂર્ણ, અજર, અવિનાશી અને દુઃખ સંબંધથી રહિત સુખ, મેળવી શકાયું નથી એજ છે.

વાસ્તવિક સુખ સ્થાને પહોંચવા ઇચ્છતા પ્રવાસીઓને

અમુક અમુક માર્ગે જવાય છે, તે તથા તે તે માર્ગે જે જે અનુકૂળતા પ્રતિકૂળતા હોય તે અને કેવા કેવા સાધન સંપન્ન થઈ જવાય છે તે, જે કથવામાં આવ્યું હોય તો તેમને સગવડકર થાય એ આમાં-અર્પવામાં હેતુ છે.

પ્રવૃત્તિ અને નિવૃત્તિ એ બે માર્ગમાંના કયે માર્ગે જવું તે પોતપોતાના સંસ્કાર અને તદનુસાર પુરુષકારને આધીન છે. યોગ્ય પ્રયત્નથી સંસ્કાર બદલાય છે, ભોક્તૃત્વ- પ્રારબ્ધ અન્યથા થતું નથી; વગેરે જાણવામાં હોય તો ઘણો લાભ થાય છે. પ્રવાસ સુફળ થાય છે. આ મારૂં સ્વાધીન મત છે.

અહિં કહેવાયલું સર્વે સ્વીકારવું-આચરવું એવો દુરાગ્રહ નથી. યોગ્ય મનાય તે સ્વીકારવું-આચરવું. યોગ્યાયોગ્ય શું ? તે સુવિચારથીજ સમજાય છે. "सुज्ञेषु किं बहुना."

વડોદરા, વિ.સં ૧૯૭૬, મહારાત્રી.	તરસ્યો પ્રેમામૃત તણો, આપ કૃપા અભિલાષી; ભવાટવીમાં ભટકતો, છુ હું એક પ્રવાસી.

અર્પનાર.

ॐ नमः श्रीशान्तिनिकेतनाय.

गतं न शोचयेद्धिमान्भविष्यं नानुचिंतयेत् ।
सुखेन निर्वहेत्काळं वर्तमानेन वर्तयेत ॥

હું સહચારી સાથે વિ.સ. ૧૯૫૧ના જ્યેષ્ટ વદી ૭ ને શુક્રવારે સાંજના સાડાપાંચ વાગે વેરાવળ સ્ટેશને ઉતર્યો. વાહન કરી પ્રભાસક્ષેત્રમાંના પરંપરાથી મનાયલા તીર્થ પુરોહિતને ત્યાં ગયો. આવશ્યક વાતચિત અને ભોજનાદિ વ્યવહારથી નિવૃત્ત થયો. અસહનીય ઉષ્ણુતાએ ગૃહના ઉપરની અગાશીમાં જવા પ્રેર્યો ત્યાં પડેલા આસ્તર્ણને જોઇ વિશ્રાન્તિ લેતો તે ઉપર લોટયો.

શરીરનો ખળભળાટ કાંઇક શમ્યો કે વ્યવહાર દૃષ્ટિએ, કોઇપણ સમયે અને કોઇપણ પ્રયત્ને અન્યથા ન થાય એવી થયેલી ભૂલ પ્રત્યક્ષ દેખાઇ. હૃદયમાં અકથ્ય વેદના ઉદ્ભવી, ને ઉપાયશૂન્ય સમજાયાથી હૃદયભાર અશ્રુરૂપે વહેવા માંડયો. ત્યાં સહચારીનું આવવું થયું. આવતામાં સ્થિતિ કળી જઇ પૂછ્યું કે, આ કરવું શું યોગ્ય છે? ને હોય તો શું કારણ? કારણુજ જયાં કારણ પૂછતું હોય ત્યાં શું કહેવાય ! ડુમો ભરાયો. હૃદય ચીરાયું ને કંઠ મુક્ત થયો. પૂછનાર પરિસ્થિતિ સમજી વદ્યું: માર્ગમાં પ્રસંગવશાત્ આપે આમ કહ્યું હતું:–"બુદ્ધિમાન્ ગતનો શોચ કરતા નથી, તેમ

ભવિષ્યનું અનુચિંતન કરતા નથી, પણ આવતી ક્ષણો પોતાની સાથે જે ભોગ્ય લાવે તેને અવિકળપણે વ્યવસ્થિત કરી ભોગવે છે અને પ્રાપ્ત કર્તવ્યો આદરતાં-આચરતાં કાળનું નિર્વહન સુખવડે કરે છે." એ શું સ્મરણમાંથી દૂર થયું છે કે અન્યને કહેવા પૂરતું છે? આ સાંભળતાની સાથે ઉપજેલો શોક શમ્યો, અને વદાયું કે "यद्भावितद्भवतु"-થવું હોય તે થાવ.

"प्रारब्धं बलवत्तरं.... भोगेन तस्य क्षयः।" श्रीशंकर.

"स्वकर्म सूत्रग्रथितो हि लोकः।" श्रीराम.

આ સૃષ્ટિ ચક્રની પ્રવૃત્તિનો હેતુ કર્મ છે. કર્મ એટલે વ્યાપારોએ કરી જે સધાય, કિંવા કર્તાની ક્રિયાઓએ જે પ્રાપ્ય તે કર્મ.

જેમ એકજ કાળ અવસ્થા ભેદે ભૂત, વર્તમાન અને ભવિષ્યત્ એવી ત્રણ સંજ્ઞાને પ્રાપ્ત થાય છે, ત્યેમ એકજ કર્મ અવસ્થા ભેદે સંચિત, પ્રારબ્ધ અને આગામી અથવા ક્રિયમાણ એમ ત્રણ સંજ્ઞાને પામે છે. અનેક ગત જન્મોમાં સંચય થયેલાં ફળારંભ રહિત જે કર્મો તે સંચિત. સંચિત કર્મોમાંથી પરિપક્વ થયેલ અને વર્તમાન શરીરનાં આરંભક કર્મો તે પ્રારબ્ધ. પ્રારબ્ધ કર્મજનિત ભોગો ભોગવતાં વર્તમાન શરીરમાં કરાતાં અને ભવિષ્ય કાળમાં ફળ દેનારાં તે આગામી કર્મ.

સંચિત કર્મ અંતઃકરણ ઉપહિત સાક્ષિનિષ્ઠ અજ્ઞાનની આવરણ શક્તિમાં રહે છે, પ્રારબ્ધ કર્મ અંતઃકરણ ઉપહિત સાક્ષિનિષ્ઠ અજ્ઞાનની વિક્ષેપ શક્તિમાં રહે છે, અને પોતાથી ઉત્પન્ન થયેલ સુખ દુઃખના ભોગરૂપ ફળને આપે છે. આગામી કર્મ અંતઃકરણનો કર્તારૂપ વૃત્તિમાન્ અંશ જે અહંકૃતિ તે અહંકૃતિનું સાક્ષી સાથે જે ભ્રમજ તાદાત્મ્ય તે ભ્રમજ તાદાત્મ્યમાં રહે છે. આ તાદાત્મ્યનેજ ચિત્-જડ ગ્રંથી કહે છે.

સંચિત્ કર્મનો નાશ જ્ઞાનાગ્નિએ કરી થાય છે. પ્રારબ્ધ કર્મનો નાશ મન, વાણી અને શરીરે કરી પ્રારબ્ધ ભોગ સમાપ્ત થયેજ થાય છે. ક્રિયમાણ અથવા આગામી કર્મનો નાશ બ્રહ્માત્મૈક્ય સાક્ષાત્કારથી થાય છે. એવા સાક્ષાત્કારવાનને ક્રિયમાણ કર્મનો લેપ થતોજ નથી

પ્રવૃત્તિ પરાયણ જનો સ્વેચ્છિત કાર્યની સિદ્ધિ માટે વલખાં મારે છે. તે સિદ્ધિને કોઇ પ્રારબ્ધાધીન, કોઇ પુરૂષ પ્રયત્નાધીન તો કોઈ ઉભયાધીન માને છે. એ પક્ષત્રયના વિષયમાં ઘણા ઘણા શંકા સમાધાનના વાદો વદાય છે.

સર્વ પુરુષની જેમાં પ્રીતિ છે એવા જે અર્થ તે પુરુષાર્થ, તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એમ ચાર પ્રકારના ગણ્યો તેને પુરુષાર્થ ચતુષ્ટ્ય કહે છે. એ પુરુષાર્થ ચતુષ્ટયમાં મનુષ્યનાં સર્વ

કર્તવ્યોનો સમાસ થાય છે, એ સિદ્ધ કરવા યથામતિ સર્વનો અભિલાષ અને પ્રયત્ન હોય છે. તે પુરૂષાર્થની સિદ્ધિ સારૂ પુરુષકાર અને પ્રારબ્ધની આ પ્રકારે વ્યવસ્થા સુખદ મનાઇ છે: ધર્મ મોક્ષની સિદ્ધિ પુરુષકારને આધીન છે, અને અર્થ કામની સિદ્ધિ પ્રારબ્ધાધીન છે. સદ્વિચારી, સત્યવાદી, સ્વધર્મ નિષ્ઠ, સદ્‌ગુણી ઇત્યાદિમાં પુરુષ સ્વતંત્ર છે. કેમકે તેમાં અન્યની અપેક્ષા નથી. અર્થ-કામ પરતંત્ર છે. ભોગનાં સાધન તે અર્થ, તેથી થતો વિષયનો યથેચ્છ ભોગ તે કામ. એ અર્થ કામમાં પરની આવશ્યકતા છે, તેથી તે પરતંત્ર. પ્રારબ્ધથી એ જે પરતંત્ર મળી આવે તેને રાગ-દ્વેષનો ભાવ દબાવી ભોગવતાં, જે સ્વતંત્ર છે તે પામવા પુરુષે પ્રયત્ન આદરવો-આચરવો, આ રીતિએ જોતાં યોગ્ય છે.

અન્ય રીતે જોઇએ તો કાયિક, વાચિક અને માનસિક ક્રિયારૂપે ત્રિવિધ કર્મના વિહિત અને નિષિદ્ધ એવા બે પ્રકાર છે. તેમાં વિહિત કર્મના વિધિ સમાન હોવા છતાં પણ સંકલ્પકૃત ભેદને લીધે, સકામ અને નિષ્કામ એવા બે ભેદ પડે છે. અભ્યુદય આપે તે સકામ અને નિઃશ્રેયસ્ પમાડે તે નિષ્કામ. વિહિત કર્મને કેવળ કર્મની અને નિષિદ્ધ કર્મને વિકર્મની સંજ્ઞા છે. આ બે પ્રકારથી શેષ જે તૂષ્ણીભાવ તે અકર્મ કહેવાય છે. વિહિત નિષિદ્ધ કર્મ ધર્માધર્મનાં જનક છે, માટે તેને ધર્માધર્મ કર્મ પણ કહે છે.

સ્વભાવસિદ્ધ સહજ ક્રિયાઓ રૂપ કર્મો ધર્માધર્મના જનક નથી ગણાતાં. વિહિત કર્મ નિત્ય, નૈમિત્તિક, કામ્ય અને પ્રાયશ્ચિત એમ ચતુર્વિધ છે. પ્રકારાન્તરે સાત્વિક, રાજસ અને તામસ એમ ત્રિવિધ છે, તેનું ફળ સુખ, દુઃખ, મોહ અથવા પ્રકાશ, પ્રવૃત્તિ અને પ્રમાદ છે.

વિહિત કર્મ જે શુદ્ધિ, ઉપાસના અને યજ્ઞાદિ શુભ કર્મ

છે; તે પુણ્યરૂપ અપૂર્વનું જનક છે. અપૂર્વ એટલે કર્મની સૂક્ષ્માવસ્થા અને ફળની પૂર્વાવસ્થા; આને અદૃષ્ટ પણ કહેછે. એ શુભ કર્મનું ફળ સ્વર્ગાદિ છે, તેથી દેવયોની પ્રાપ્ત થાય છે. નિષિદ્ધ કર્મ જે અશુદ્ધિ, અસત્ય અને હિંસાદિ અશુભ કર્મ છે તે પાપ રૂપ અપૂર્વનું જનક છે, અને તેનું ફળ નરકાદિ છે. તેથી પશુ યોની પ્રાપ્ત થાય છે. વિહિત નિષિદ્ધ કર્મનો જેમાં સમાવેશ થાય છે, તે મિશ્ર કર્મ કહેવાય છે, તે પુણ્ય પાપરૂપ અપૂર્વનું જનક છે. ઉચ્ચ નીચ મનુષ્ય જન્મ તેનું ફળ છે. અધિક પુણ્ય અને ન્યૂન પાપ જેમાં પ્રતીત થાય તે મનુષ્ય દેવ સમાન ગણ્યા છે. અને અધિક પાપ અને ન્યૂન પુણ્ય જેમાં પ્રતીત થાય તે મનુષ્ય પશુ સમાન ગણાય છે.

વિહિત નિષિદ્ધ અથવા શુભાશુભ કર્મો પોતાથી અન્તરાય રહિત ઉત્તર કાળમાં અનુક્રમે ધર્માધર્મની અથવા પાપ પુણ્યની

ઉત્પત્તિ કરે છે. તે ધર્માધર્મ અંતઃકરણમાં વાસના એટલે પૂર્વાપૂર્વના અભ્યાસે કરી ચિત્તમાં વસતા ચિત્તગત સંસ્કારરૂપે-બીજ રૂપે રહે છે; અને કાળાન્તરે તેઓનાં સુખ દુઃખરૂપ ફળ થાય છે. આ પ્રકારે શુભાશુભ કર્મોજ ધર્માધર્મરૂપ અપૂર્વદ્વારા સુખદુઃખરૂપ ફળનાં હેતુ છે. લોક પોતાના કર્મ સૂત્રવડેજ ગુંથાયલો છે.

વાસના અને અદૃષ્ટ એ બે શુભાશુભ કર્મના અંકુર છે. શુભ કર્મથી શુભ વાસના અને ધર્મરૂપ અદૃષ્ટ એ બે અંકુર થાય છે; અને અશુભ કર્મથી અશુભ વાસના અને અધર્મરૂપ અદૃષ્ટ એ બે અંકુર થાય છે. શુભ વાસનારૂપ અંકુરથી શુભકર્મમાં પ્રવૃત્તિ થાય અને ધર્મરૂપ અંકુરથી સુખનો ભોગ થાય. એજ પ્રકારે અશુભ વાસના રૂપ અંકુરથી અશુભ કર્મમાં પ્રવૃત્તિ થાય અને અધર્મરૂપ અકુરથી દુઃખનો ભોગ થાય. આ બે અંકુરોમાંથી વાસનારૂપ અંકુરનો ઉપાયથી નાશ થાય છે, અને અદૃષ્ટ રૂપ અંકુરનો તો ફળની ઉત્પત્તિ વિના કોઇ પણ પ્રકારે નાશ થતોજ નથી. અશુભ કર્મથી ઉપજેલ અશુભ વાસનારૂપ અંકુરનો સત્સંગાદિ ઉપાયે નાશ થાય છે, અને શુભ કર્મથી ઉત્પન્ન થયેલ શુભ વાસનારૂપ અંકુરનો દુઃસંગાદિથી નાશ થાય છે એ રીતે પ્રવૃત્તિના હેતુ વાસનારૂપ અંકુરનો પુરુષ પ્રયત્ને નાશ થાય અને ભોગના હેતુ અદૃષ્ટરૂપ અંકુરનો ભોગ કરી નાશ થાય અર્થાત્ વાસનારૂપ અંકુરમાં અન્યની પ્રાપ્તિરૂપ વિકાર અને મળની

નિવૃત્તિ તથા ગુણની પ્રાપ્તિરૂપ સંસ્કાર કરી શકાય, પણ અદષ્ટરૂપ અંકુરનો તો ભોગેજ ક્ષય થાય. અંતઃકરણની વાસનાઓ શુભ થતાં સુખ દુઃખના ભોગ સમયે પણ શુભ વાસનાઓ શુભકર્મો પ્રતિજ પ્રેરે છે, અને તેથી શુભ કર્મોમાં પ્રવૃત્ત રહી મનુષ્યો નિઃશ્રેયસના અધિકારી થાય છે આવો શાસ્ત્રાદેશ છે. અદષ્ટનો જ્યારે ભોગથીજ ક્ષય થવાનો છે ત્યારે એ અંશ ઉપર ઉપેક્ષા રાખી વાસનારૂપ અંશનેજ શુદ્ધ સંસ્કારી કરવા પુરૂષે પ્રયત્ન કરવો યોગ્ય છે ને તે સ્વતંત્ર પણ છે.

"तंतमेवैति कौंतेय सदा तद्भावभावितः ।
असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पुरुषः ।" श्रीकृष्ण.

મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ અંતઃકરણ ચતુષ્ટય કહેવાય છે. અનિશ્ચિત સંકલ્પ વિકલ્પાત્મક તત્ત્વને મન કહે છે. મનને નચાવનાર પૂર્વાર્જિત અનેક સંસ્કારોનાં ચિત્ર જેમાં ચિત્રિત છે એવું જે તત્ત્વ તે ચિત્ત છે જે તત્ત્વથી સારા સાર નિર્ણય કરી નિશ્ચય થાય છે તે બુદ્ધિ છે; જે તત્ત્વના બળથી જીવ પોતાને આ વિરાટ બ્રહ્માંડથી એક સ્વતંત્ર સત્તારૂપ માને છે તે અહંકાર છે.

ચિત્ત મનનો અને અહંકાર બુદ્ધિનો અંતર વિભાગ છે. ચિત્તમાં કર્મના બીજરૂપ સંસ્કાર અંકિત છે તે પાછળથી પડદો

દેખાડે છે, તેથીજ મન અહર્નિશ ચંચળ હોઇ નાચ્યા કરેછે, એજ પ્રકારે બુદ્ધિ તત્ત્વનું ચાલન અહંકારથી થાય છે. જે જીવમાં જેવા પ્રકારનો અહંકાર હોય તેવો તે પોતાને માને અને બુદ્ધિનું ચાલન પણ તેજ પ્રમાણે થાય. સંસારી મનુષ્યને જેમ સ્ત્રી માયા રજ્જુથી બાંધી વ્યવહાર કરાવે છે તેમ ચિત્ત મનને અને અહંકાર બુદ્ધિને ફસાવી કર્મ કરાવે છે.

અહંકારના શુદ્ધ અને મલીન એવા બે ભેદ છે હું પુરૂષ, સ્ત્રી, અમુક જાતિ, ધની નિર્ધની, સબળ દુર્બળ, પંડિત કે મૂર્ખ છું, એ મલીન અહંકાર છે. હું વેદજ્ઞ, તત્ત્વજ્ઞ, બ્રહ્મજ્ઞ, કે બ્રહ્મ છું એ શુદ્ધ અહંકાર છે અશુદ્ધ અહંકાર જીવને ઇંદ્રિઓમાં જોડી નીચે પાડેછે, અને શુદ્ધ અહંકાર સાધકને ઉર્ધ્વગામી કરે છે.

વાસના—સંસ્કારથી કર્મ, કર્મથી વાસના, આ પ્રકારે વાસનાનું ચક્ર અને જીવનું આવાગમન ચાલુ રહેછે પૂર્વ કર્માર્જિત કર્મ સંસ્કાર અથવા આ જન્મના સંગની સ્મૃતિ જેવી ચિત્ત ઉપર અંકાઇ રહેછે તેવીજ આસક્તિ તેમાં ઉત્પન્ન થાય છે, અને તે આસક્તિ અનુસાર આસક્તિના વિષયમાં બંધાઇ રહે છે. ચિત્ત અને મનના યુગ્મથી આસક્તિનો જન્મ થાય છે. જેમ પુત્ર પિતાના પ્રજા તંતુની રક્ષા કરીને પિતાના અધિકારને પ્રાપ્ત થાય છે તેમ આસક્તિના બળથી મન ખેંચાઇને આસક્તિ સંબંધી

વિષયને ધારણ કરી સૃષ્ટિ ચક્ર તરફ ધકેલે છે.

અહંકાર અને બુદ્ધિથી ભાવ તત્ત્વનો ઉદય થાય છે. પ્રપંચમય દૃશ્યનો અનુભવ ભાવ તત્ત્વથી થાય છે. અર્થાત્ ભાવ તત્ત્વના સહાયથી દૃશ્ય પદાર્થનું જ્ઞાન દૃષ્ટાને થાય છે. એ ભાવના શુદ્ધ અને અશુદ્ધ એવા બે પ્રકાર છે. અશુદ્ધ ભાવ બુદ્ધિને વિષયવત્ કરી દે છે, અને શુદ્ધ ભાવ ક્રમથી બુદ્ધિને બ્રહ્મપદમાં પહોંચાડે છે.

મનુષ્ય માત્ર આ બે તત્ત્વથી પ્રેરાઇ કાયિક, વાચિક અને માનસિક કર્મ કરવા સમર્થ થાય છે. આસક્તિવશ થઇ કર્મ કરે છે અથવા ભાવવશ થઇ કર્મ કરે છે. આસક્તિમાં પરતંત્રતા-પરાધીનતા છે, અને ભાવમાં સ્વતંત્રતા-સ્વાધીનતા છે. વિષયો ઘણા હોવાથી આસક્તિ ઘણા પ્રકારની છે, પરંતુ શુદ્ધભાવ તો અદ્વૈત દશાને પ્રાપ્ત થાય છે, કેમકે બ્રહ્મપદ અદ્વૈત છે. અશુદ્ધ ભાવ આસક્તિથી દબાય છે, અને શુદ્ધ ભાવથી તો આસક્તિ નિવૃત્ત થાય છે. શ્રી કૃષ્ણ કહે છે કે, જે જે ભાવથી ભાવિત હોય તે તે ભાવને પ્રાપ્ત થાય છે. આસક્તિરહિત કર્તા પરને પામે છે.

अहम्—અ આદિ ૧૬ સ્વર તથા કથી હ સુધીના ૨૭ વ્યંજન મળી કુલ ૪૯ વર્ણ છે અથી હ સુધીનો પ્રત્યાહાર જેમાં સર્વ વર્ણો-અક્ષરો આવી જવાથી સમસ્ત નામો અને રૂપો પણ તેમાં આ

વી ગયાં મણાય છે, તે કારણથી જ તે 'જીવ' શબ્દનો વાચક છે. સર્વ દૃશ્ય વર્ગ જીવ ભાવને અવલંબીનેજ છે. તેનું પ્રથમ સ્ફુરણ અહમ્ છે. એ અહમ્ સંજ્ઞા થવાનું કારણ પણ એજ છે કે, તે અહં પ્રત્યાહારમાં સમસ્ત નામરૂપ અંતરગત થાય છે. વાણીનું સાધન સર્વ વર્ણોનો પ્રત્યાહાર 'અહ' એ કંઠ સ્થાનથી ઉદ્ભવી તેનો ઓષ્ટ સ્થાન 'મ્' માં અંત આવી અહમ્ શબ્દ થાય છે. તે સૂચવે છે કે સર્વ વાચ્યનો આરંભ અને અંત અહમ માંજ છે.

ઉપરોક્તનો વિચાર કરતાં સ્પષ્ટ થાય છે કે :– અજ્ઞાન રૂપ અધિષ્ઠાનથી–ઉત્પત્તિ સ્થાનથી–જાત–થએલું અને જેનો કર્તા સંકલ્પ છે. એવો આ નામ રૂપાત્મક અજ્ઞાન પ્રભવ સર્વ દૃશ્ય જડ વર્ગ દેહ ઇંદ્રયાદિ સંઘાતથી તે બ્રહ્માંડ સુધી–છે તે આત્મા–હું નથી. પણ એઓથી વિલક્ષણ સર્વ વિક્રિયા રહિત આત્મા છે–હું છે–અહમ્ છે.

હું આર્ય સંતાન છું. મારી મૂળ વિદ્યા વેદ વિદ્યા છે. મારૂ વર્ચસ્ ત્યાગ, પવિત્રતા અને આત્મ સંયમ છે. મારૂં મૂળ ધન કળા વિજ્ઞાન રૂપ ઐહિક વિદ્યાઓ નહિ, પણ બ્રહ્મવિદ્યા છે. શુદ્ધ અહંકાર આ છે. બાકીની અહંવૃત્તિ એ મલીન છે. અધઃપાત કરનારી છે.

આર્ય સંસ્કૃતિનો મૂળ ઉદ્દેશ અને ઉપદેશ તો ઐહિક સંપત્તિનો સદ્ધર્મકર્મમાં સદુપયોગ તેમજ આંતર સાધના કરીને નિરંતરના

પરમ સુખરૂપી મોક્ષ સંપત્તિ પ્રાપ્ત કરવાનો છે. ઐહિક વસ્તુ સ્થિતિઓ વડે ઉત્પન્ન થતાં ક્ષણિક સુખની મોહ જાળમાં ન ફસાતાં આત્મનિષ્ઠા તથા બ્રહ્માનુભવની પ્રાપ્તિ કરી લઇ સંસારચક્રના આવાગમનમાંથી સદાને માટે મુક્ત થવું. અર્થાત્ દુઃખમાત્રની આત્યંતિક નિવૃત્તિ અને પરમાનંદની નિત્ય પ્રાપ્તિ રૂપ મોક્ષ પદને પામવું એજ છે.

આર્યસંસ્કૃતિ પૃથ્વી પરના સમસ્ત દેશો કરતાં એ પ્રાચીન છે. એની વેદ વિદ્યા સનાતન છે. એનું જ્ઞાન સર્વોત્તમ છે. એનાં દર્શન શાસ્ત્ર સર્વોપરિ છે એનાં શાસ્ત્રીય અન્વેષણો પરિપૂર્ણ છે. એનો ઇતિહાસ સમસ્ત જગતની પ્રજાના ઇતિહાસ કરતાં મહત્તા, ગૌરવ, વીરતા, શક્તિ અને ચારીત્ર્યમાં અનુપમ અને અલૌકિક છે. આર્યાવર્તનાં ઋષિઓ, રાજ ઋષિઓ, ઋષિ પત્નિઓ, વીરાંગનાઓ, સતિ સાધ્વિઓ, સંતો અને કર્મ વીરો, એ સર્વે અનેક યુગો વહિ જવા છતાં પણ પોતાની પ્રતિભાનો અનુપમ પ્રકાશ આપ્યાજ કરે છે, જે માત્ર સચક્ષુઓને વિવેકીઓનેજ. મદાન્ધ કે મતાંધને તો નહિ જ.

અધિકાર— વ્યવહારના પદાર્થોની તૃષ્ણા વાળા મનુષ્યોનો સકામ કર્મમાં અધિકાર છે. ચિત્ત શુદ્ધિને ઇચ્છનારાઓનો નિષ્કામ કર્મમાં અધિકાર છે. જગત્‌માં સામર્થ્યાદિમાં સૌથી મોટામાં મોટા પ્રભુ છે—

હરિ છે, માટે આપણે તેમને સર્વસ્વ અર્પણ કરી તેમનાજ દાસાનુદાસ થઇ રહેવું, ને તેમાંજ આપણે પ્રેમ રાખવો, એવી ઇચ્છા રાખનારા મનુષ્યોનો પ્રભુની પ્રેમ લક્ષણા ભક્તિમાં અધિકાર છે. ચિત્તમાંથી વૃત્તિઓ ઉઠે છે, તેજ પુરૂષને દુઃખનું ભાન કરાવે છે, માટે તે વૃત્તિઓનો નિરોધ કરવા ઇચ્છનારાઓનો યોગમાં અધિકાર છે. પરમ તત્ત્વને જાણ્યા વિના ચિત્તનો દાહ શમી મનુષ્યને શાશ્વતિ શાંતિનો લાભ થવાનો સંભવ નથી, ને શાંતિ વિના તેને પરમાનંદનો લાભ થવાનો પણ સંભવ નથી, માટે પરમ તત્ત્વને જાણવું એજ મારૂં કર્તવ્ય છે, એમ જાણનાર મનુષ્યોને વેદાંતના શ્રવણાદિ દ્વારા જ્ઞાનમાં અધિકાર છે. કરૂણાસાગર પ્રભુએ લીલા વિગ્રહ ધરી પોતે તથા પોતાની વિભૂતિ રૂપ મુનિઓ દ્વારા ઉપરના સર્વ સાધનોનો ઉપદેશ કર્યો છે. સર્વ મનુષ્યોને સર્વ વિચાર કે સર્વ ક્રિયામાં સરખો અધિકાર હોતો નથી જ.

૧ વેદાંત પારમાર્થિક સત્તારૂપ તત્ત્વ સાક્ષાત્કારનો માર્ગ છે. તેનાં સાધન વિવેક, વૈરાગ્ય અને શમાદિ ષટ્ સંપત્તિ છે. તેમાં પ્રાણરૂપ વૈરાગ્ય છે. તેની સિદ્ધિ આત્મ તૃપ્તિ અર્થાત્ નિષ્કામતા છે.

૨ ભક્તિ ભાવ તંત્ર માર્ગ છે. સાધન નવધા ભક્તિ છે. તેમાં સ્મરણ, ભક્તિ પ્રાણરૂપ સાધન છે તેની સિદ્ધિ હૃદયની આર્દ્રતા-ઇષ્ટનું નિરંતર ભાન છે.

૩ યોગમાર્ગ એ સંકલ્પજન્ય પ્રબલ તંત્ર માર્ગ છે. સાધન યમ નિયમાદિક અષ્ટાંગ છે તેમાં મુખ્ય અંગ ધ્યાન છે, તેની સિદ્ધિ શક્તિ અર્થાત્ ઐશ્વર્ય છે.

નિર્દિષ્ટ ત્રણુ માર્ગમાં પ્રમાદથી થતા અનર્થ પણુ સાધકે ધ્યાનમાં રાખવા યોગ્ય છે. પ્રમાદ થતાં વેદાંતમાંથી શુષ્કજ્ઞાન અને દંભ વિગેરે અનર્થ થાય છે. યોગમાંથી ગર્વરૂપ અનર્થ થાય છે. તેજ પ્રમાણે પ્રમાદથી ભક્તિમાંથી યેથ્રછારૂપ અનર્થ થાય છે. પ્રત્યેક માર્ગમાં કર્તવ્યાકર્તવ્યના નિર્ણય માટે તો શાસ્ત્રનેજ પ્રમાણુ રૂપે માનવું. એવો ભગવદાદેશ છે

પ્રાયઃ કલ્યાણુનો માર્ગ બહિર્ દષ્ટિથી બ્રહ્માંડમાં શોધવાથી હાથ લાગે એમ નથી, માત્ર અંતર્દષ્ટિથી પિંડમાં શોધવાથીજ તે હાથ લાગે છે. માટે જીજ્ઞાસુએ—સાધકે પોતાના અધિકારાનુસાર અંતર-દૃષ્ટિથી એવો પ્રયત્ન કરવા યત્નવાન્ રહેવું જોઇએ.

યોગ્યતા—મનુષ્યમાં "પોતે ઉત્તમ વર્ગમાં છે" એમ માનવાની સ્વાભાવિકી વૃત્તિ હોય છે. પરંતુ તે વર્ગની પોતામાં યોગ્યતા નથી હોતી તો, માત્ર તે વર્ગમાં પોતાને ગણવાથી તેનું ફળ મળતું નથી એટલુંજ નહિ પણુ હાની થાય છે. એથી હિતકારી કર્તવ્ય તો યોગ્યતા સંપાદન કરવી એજ છે. પાત્રતા વિના પદાર્થની પ્રાપ્તિ થતીજ નથી. આરોપ કરે અધિકાર આવતો નથી. માત્ર

કજાના અથવા બુદ્ધિ નશજ ગણાય છે ઉત્તમ વર્ગમાં જવાતું નથી, કનિષ્ટમાં રહેવાતું નથી, તેથા ઉભય ભ્રષ્ટ થવાય છે; એ સાધકે વીસરવાનું નથી.

યોગ્યતા માટે અનેક કર્તવ્ય, અનેક જ્ઞાતવ્ય અને અનેક પ્રાપ્તવ્ય છે. પુરૂષ પ્રયત્નાનુસાર કર્તવ્યની, જ્ઞાતવ્યની અને પ્રાપ્તવ્યની સિદ્ધિ થાય છે. મહાભાગી સાધકોએ મનુષ્યપણાની સફળતા માટે મુખ્યત્વે કરી સત્સંગ, સત્શાસ્ત્ર વિચાર અને હરિ પ્રસાદકર નિષ્કામ સતધર્મ કર્મ અવશ્ય કર્તવ્ય છે. જીવ, ઈશ્વર, માયા, જગતનાં તત્ત્વ અતત્ત્વ, હેય ઉપાદેયાર્થે અથવા ત્યાગ ગ્રહણસાર જ્ઞાતવ્ય છે. સત્સંગાદિ એ બહિરંગ તથા અંતરંગ સાધનોનું ફળ ભુત "બ્રહ્માત્મૈકત્વ જ્ઞાન" જ પ્રાપ્તવ્ય છે.

ઈચ્છોદયથી દુઃખ—નિપજે તે નથી નર્કમાં,
અંતેચ્છાથી સુખ—ઉપજે તે નથી સ્વર્ગમાં.

જેના આચારમાં ચોરી, વ્યભિચાર અને હિંસા નથી; વાણીમાં નિન્દા, અનૃત, કઠોરતા અને વાચાલતા નથી; વિચારમાં તૃષ્ણા, ચિંતા અને બુદ્ધિમંદતા નથી તેજ મનુષ્ય–સંપૂર્ણ મનુષ્ય. મનુષ્યપણાનો હક ધરાવનારે આ માપથી પોતાને માપવો અને જાણવું કે હું કેટલો મનુષ્ય છું.

આપણું ધર્મ જ્ઞાન સ્વલ્પ અથવા અધુરૂં હોય છે ત્યાં સુધી તે અહંકાર અને નાસ્તિકતાજ ઉપજાવે છે; જેમ જેમ જ્ઞાન વધતું જાય છે તેમ તેમ હૃદય નિરભિમાન અને આસ્તિક થતું જાય છે.

પોતાની જવાબદારીને ઓળખવી અને સમાજ, દેશ અને ધર્મને માન્ય એવા ધારા પાળવા તેનું નામ નીતિ ને તે જેનામાં હોય તે નીતિમાન.

તત્ત્વ જ્ઞાનના સંબંધમાં जानन् ते भवन् છે–જાણવું તેવું થવું છે. જાણવા જેવા થવામાં જેટલું અંતર તેટલી જ્ઞાનની ન્યુનતાજ ગણાય છે.

શાસ્ત્ર એક શ્રી ભગવદ્ગીતા, દેવ એક શ્રી કૃષ્ણ અને મંત્ર પ્રભુના નામ. પ્રભુના ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ ઉભયનું પ્રતિપાદન

ગીતામાં છે. જોઇ તપાસી સાવધાન રહી સાધકે તેનો ઉપયોગ કરવો.

પોતાને ધાર્મિક માનનાર દુઃખી ન હોય અને પોતાને દુઃખી માનનાર ધાર્મિક ન હોય એ નિશ્ચય છે. દુઃખનું કારણજ માત્ર ભોગ લાલસા છે તે ધ્યાનમાં રાખી નિશ્ચય કરવાનો છે.

લેખનથી પઠનની શુદ્ધિ થાય છે, મનને આનંદ થાય છે, લોકહિત પણ અંશતઃ થાય છે; એ શુભ કાર્યમાં બહુ ગુણ છે માટે યથાશક્તિ પ્રવૃત્ત રહેવું.

અંતઃકરણની વિશ્રાંતિ વેદાંત વિચારમાં છે. વાસ્તવ પુરૂષાર્થ તથા નિઃશ્રેયસ્, જ્ઞાન વિના નથીજ. એ બુદ્ધિમંતને અનુભવ સિદ્ધ છે તે ભૂલવા જેવું નથી.

હું કોણ છું? આ બધું કેમ થયું છે? આનો કર્તા કોણ છે? અહિ ઉપાદાન શું છે? આ ચાર પ્રશ્નો સંબંધી થતા વિચાર વિચારણીય છે. નિશ્ચિંત વિચારથી જેટલું નિશંક થવાય છે તેટલુંજ નિઃશંક થવાય છે.

પ્રતિદિન શાસ્ત્રને વિમળ અને શાન્ત ચિત્તે વિચારવું. નિર્મળ, વિશુદ્ધ અને નિર્ધુડ અર્થને ધારવો; ધર્માભાસક કર્મ જાળને

વેરાએ ત્યજવી. સત્યધર્મનો આશ્રય કરી પરમ સુખને ભજવું. વિપરિત વિપરિતકર છે.

પ્રથમ નિજના, અધિકારને તપાસી તદનુસાર કાર્યનો સ્થાન, સમય, ઉપકરણ અને આત્મબળનો વિવેક રાખી આરંભ કરવો એ ડહાપણ છે.

ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઇંદ્રિય નિગ્રહ, ધી, વિદ્યા, સત્ય. અક્રોધ. આ દશને સર્વ કાળના સર્વ દેશના, સર્વ ધર્મના ધાર્મિકોએ ધર્મ રૂપ માન્યાં છે. કદાપિ સ્થાન, સમય, પરિસ્થિતિ અને રુચિભેદે વેષ બીજો પેહેરાવાગો હોય તો પણ આત્મા તો એજ છે

આચાર, વિચાર અને ઉચ્ચારથી અન્યનાં તન, મન અને ધન બગડે તે તથા પોતાનાં સુખ-સગવડ માટે બીજાના સુખ-સગવડનો ભોગ લેવાય તે અધર્મ છે-પાપ છે એ યથાશક્તિ અકર્તવ્ય છે. આચાર વિચાર અને ઉચ્ચારોથી અન્યનાં તન, મન અને ધન સફળ થાય તે તથા બીજાનાં સુખ સગવડ માટે પોતાનાં સુખ-સગવડનો ભોગ અપાય તે ધર્મ છે-પુણ્ય છે. એ યથાશક્તિ કર્તવ્ય છે.

નિસ્વાર્થ મૈત્રીમાં કેવું અને કેટલું સુખ છે, તે સ્વાર્થિ અને અભિમાનથી ભરેલા યથાર્થ જાણતા જ નથી—જાણી શકે જ નહિ.

નિર્વિવાદિત છે કે, અસત્ય અને અન્યાય દુઃખપ્રદ છે. જ્યાં સુધી પોતે પોતાને ભુલેલું રહેવાશે ત્યાં સુધી એ થવાનું. સુખ રૂપ દુઃખ મળવાનું.

જે સુખ શંકા અને ભય મિશ્ર હોય, તે સુખ સુખ નથી; પણ તે સુખાભાસજ છે. વાસ્તવિક સુખ તો નિશંક અને નિર્ભય થવાય તે છે; માટે જે કરવાથી નિશંક અને નિર્ભય થવાય, તેજ પરમ કર્તવ્ય છે.

અપૂર્ણતા, ક્ષય અને નાશ જે સૃષ્ટ પદાર્થમાં સહજ છે તેને મમત્વ બાંધી પૂર્ણ, અક્ષય અને અવિનાશી કરવા મથવું એ જેમ મૂર્ખતા છે તેમ જાતિભોગ અને મરણ જે શરીરનાં સહજ છે તેને અન્યથા કરવા મથવું, એ પણ મૂર્ખતાજ છે.

બીજો શું કરે છે તે આપણે જોવાનું—કરવાનું નથી, પણ આપણે કરવા યોગ્ય શું છે તે જોવાનું-વિચારવાનું—કરવાનું છે.

સમય, સ્થાન, દ્રવ્ય અને આત્મબળ–શ્રદ્ધા–વિશ્વાસ–નિશ્ચય આ ચાર, વ્યાવહારિક કોઇ પણ કાર્ય સાધવામાં સાપેક્ષ્ય છે; અને તદનુસાર કાર્ય કરાય તો સુફળ થાય છે, પરંતુ પારમાર્થિક સાધવામાં તો શ્રદ્ધા શિવાય અન્ય ત્રણની અપેક્ષા નથી તેમ તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ સ્વાધીન પણ નથી, આમ છે તો પણ યદૃચ્છા પ્રાપ્ત સ્થાન, સમય અને દ્રવ્યને પારમાર્થિકમાં યોગ્ય યોજવાં એ કર્તવ્ય છે.

મુવાને રડવું, જીવતાને મારવું, પોતાને ઓળખવું નહિ ને બીજાને ઓળખવા મથવું, બીજો શું કરે છે તે સૂક્ષ્મ દૃષ્ટિએ જોવું અને પોતાના કર્તવ્યને ભુલવું, બીજાને ઉપદેશવા પાંડિત્ય ધરવું અને પોતે લેવાના ઉપદેશને વીસરવું, બીજાના ગુણમાં દોષારોપ કરી દોષરૂપ જોવું અને દેખાડવું, પોતાના દોષને રૂપાન્તર કરી ગુણરૂપ દેખાડવું, ગુણદોષનું કીર્તન કરવું; આ બધું અધઃપાતનું પૂર્વરૂપ છે ગુણદોષનું ચિંતન પરમાર્થથી વિમુખ બનાવે છે.

દેવ, મનુષ્ય, અસુર અને પશુ એ પ્રત્યેકના કેટલા અંશો મારામાં છે એ અને તેની ઘટી વધઘટ પ્રતિક્ષણ તપાસતા રહેવું એ આત્મનિરિક્ષણ છે. આત્મનિરિક્ષા અધઃપતથી રક્ષે છે.

ઇર્ષ્યા, સ્પર્ધા અને મત્સરની જગ્યાએ હર્ષ, મૈત્રી અને દયાને સ્થાન અપાય તો કર્તવ્યના ઘણા અંશો સાધ્ય થાય છે.

ભ્રમોત્પાદક કાન્તા અને કનકમાં આસક્તિ રહિત નર, નરાકૃતિ ભર્ગ છે. નર-મનુષ્યજ નારાયણ થાય છો તે કેવળ શિશ્નોદરપરાયણ થઇ રહેવાથી નહિ, પણ આત્મપરાયણતાથીજ.

જીવિતૈષણા, ધનૈષણા, દારૈષણા, લોકૈષણા, આ ઇષણા-ચતુષ્ટયનો ત્યાગ તેજ ત્યાગ છે.

કર્મયોગ, હઠયોગ, લયયોગ, રાજયોગાદિ ઘણા યોગ ગણાય છે, પણ સમતાયોગજ યોગ છે.

સ્વ સ્વરૂપનું અનુસંધાન તે ભક્તિ છે, અને અન્યથા રૂપના ત્યાગપૂર્વક સ્વરૂપસ્થિતિ તે મુક્તિ છે.

જે યાત્રી મનુષ્ય શરીરરૂપ તીર્થને પામી સાધનચતુષ્ટય સમ્પન્ન થવારૂપ તીર્થોપવાસ કરે, ઇષણાચતુષ્ટયના ત્યાગરૂપ ક્ષૌર કરાવે, જ્ઞાન ગંગાનું સ્નાન, તર્પણ અને પાન કરે, આત્મવત્ સર્વ ભુતરૂપ તીર્થ દેવનું યથામિલિતોપચારથી પૂજન કરે, અભયનું દાન કરે,

સત્યાત્વસંબંધીની નિશ્ચયાત્મિકા બુદ્ધિએ શ્રદ્ધા અથવા બુદ્ધિમાં સત્યાવધારણ એ શ્રદ્ધા તે શ્રદ્ધારૂપ શ્રાદ્ધ કરે, અહંમમત્વના પિંડ મૂકે, બ્રહ્મયજ્ઞમાં સ્વાર્પણરૂપ બ્રહ્મભોજ કરે અને શાન્તિરૂપ આશિષ પામે તોજ યાત્રીની યાત્રા સફળ ગણાય.

હરિઃ ૐ

शान्तिः शान्तिः शान्तिः ॥

देहात्मधीवद् ब्रह्मात्मधी दार्ढ्ये कृत कृत्यता ।
यदातदाऽयंम्रियतां मुक्तोऽसौ नात्र संशयः ॥

शास्त्र दृष्टिर्गुरोर्वाक्यं तृतीयश्चात्म निश्चयः ।
त्रिधैव यो विजानाति स मुक्तो नात्र संशयः ॥

आदानस्य प्रदानस्य कर्तव्यस्य च कर्मणः ।
शीघ्रमक्रियमाणस्य कालः पिबति तद्रसम् ॥

देहो देवालयः प्रोक्तः जीवो देवः सनातनः ।
त्यजेदज्ञाननिर्माल्यं सोऽहंभावेन पूजयेत् ॥

योगास्त्रयो मया प्रोक्ता नृणां श्रेयो विधित्सया ।
ज्ञानं कर्म च भक्तिश्च नोपायोन्योस्ति कुत्रचित् ॥

निर्विण्णानां ज्ञानयोगोऽन्यासिनामिह कर्मसु ।
तेष्वनिर्विण्ण चित्तानां कर्मयोगस्तु कामिनाम् ॥

यदृच्छया मत्कथादौ जातश्रद्धस्तु यः पुमान् ।
न निर्विण्णो नातिसक्तो भक्ति योगोऽस्य सिद्धिदः ॥

तस्यैवाहं ममैवासौ स एवाहमिति त्रिधा ।
भगवच्छरणत्वंस्यात् साधनाभ्यासपाकतः ॥

धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिंद्रिय निग्रहः ।
धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्म लक्षणम् ॥

चतुर्भिरपि चैवैतैर्नित्यमाश्रमिभिर्द्विजैः ।
दशलक्षणको धर्मः सेवितव्यः प्रयत्नतः ॥

अशौचमनृतं स्तेयं नास्तिक्यं शुष्क विग्रहः ॥
कामक्रोधश्च तर्षश्च स्वभावोन्ते वसायिनाम् ॥

अहिंसा सत्यमस्तेयमकाम क्रोध लोभता ।
भूत प्रिय हितेहा च धर्मोयं सार्ववर्णिकः ॥

दयया सर्वभूतेषु संतुष्टया एन केन वा ।
सर्वेन्द्रियोपशांत्या च तुष्यत्याशु जनार्दनः ॥

तितिक्षया करुणया मैत्र्या चाखिल जंतुषु ।
समत्वेन च सर्वात्मा भगवान्संप्रसीदति ॥

अनाचारेण मालिन्य अत्याचारेण मूर्खता ।
विचाराचारयोर्योगः सदाचारः स उच्यते ॥

स्वे स्वेऽधिकारे या निष्ठा सगुणः परिकीर्तितः ।
विपर्ययस्तु दोषःस्यादुभयोरेष निश्चयः ॥

विषयाभिनिवेशेन नात्मानं वेद ना परम् ।
वृक्ष जीविकया जीवन् व्यर्थं भस्त्रेव यः स्वसन् ॥

प्रत्यहं प्रत्यवेक्षेत नरश्चरितमात्मनः ।
किं नु मे पशुभिस्तुल्य किं नु मे सत्पुरुषैरिति ॥

इच्छोदये यथा दुःखमिच्छाशांतिर्यथा सुखम् ।
तथा न नरकेनापि ब्रह्मलोकेनुभूयते ॥

एतावानेव लोकेऽस्मिन्पुसः स्वार्थः पर स्मृतः ।
एकांत भक्ति गोविंदे यत्सर्वत्र तदीक्षणम् ॥

नेह यत्कर्म धर्माय न विरागाय कल्पते ।
न तीर्थपद सेवायै जीवन्नपि मृतो हि सः ॥

तत्कर्म हरितोषं यत्सा विद्या तन्मतिर्यया ।
तद्वर्णं तत्कुलं श्रेष्ठं तदाश्रमं शुभं भवेत् ॥

'कान्ता च जिव्हा कनकं च तानिरुणाद्धि यस्तस्य भयं न मृत्योः'

"न हि स्वात्मारामं विषय मृग तृष्णा भ्रमयति"

[illegible]

[illegible]

[illegible]

[illegible] થાય છે

છાપનાર: [illegible]

[illegible] પ્રેસ, બંદર રોડ—કરાંચી.

પ્રકાશક [illegible]

[illegible]—કરાંચી.